# થર્ટી ફર્સ્ટ માટે સ્ટોક કરેલો વિદેશી દારૂ પકડાયો

## અડાલજ પોલીસે અદાણી શાંતિગ્રામ મિડોઝમાં દરોડો પાડી સ્કોચ, વ્હિસ્કી, વાઈન, વોડકા તથા બિયરનો જથ્થો જપ્ત કર્યો : એલસીબીએ દહેગામમાં દરોડો પાડયો

ગાંધીનગર, તા.૩૧

થર્ટી ફર્સ્ટ માટે જિલ્લામાં ઠેર ઠેર ડીજે નાઈટનું આયોજન થયું છે ત્યારે ડીજેના તાલે ઝુમતા પહેલા વિદેશી દારૂની પાર્ટી કરવા મોટાભાગના યુવાઓ તલપાપડ હોય છે. થર્ટી ફર્સ્ટ માટે બુટેલગરો દ્વારા પણ સ્ટોક કરી દેવાયો છે ત્યારે ગાંધીનગર જિલ્લા પોલિસ દ્વારા પ્રોહીબીશન ડ્રાઈવ રાખી દારૂનું વેચાણ ક્યાંય ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આજે અડાલજ પોલિસ અને એલસીબી પોલિસ બે અલગ અલગ સ્થળે દરોડો પાડી દારૂનો જથ્થો પકડી કડક કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાની ટીમના પીએસઆઈ એ.જી. એનુરકાર તથા તેમના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહને ચોકકસ બાતમી મળી હતી કે અદાણી શાંતિગ્રામ મિડોઝ ખાતે બી/૧ બ્લોક નં. ૧૧૦૧માં રહેતા દિપક ચંપકલાલ શાહ બ્રાન્ડેડ વિદેશી દારૂનો જથ્થો ઘરે રાખીને વેપાર કરે છે. જે આધારે દરોડો પાડી મોંઘી-મોંઘી સ્કોચ, વ્હીસ્કી, રમ, વાઈન, વોડકા તથા બ્રાન્ડેડ બિયરના ટીનો મળી કુલ રૂ. ૯૯,૯૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો હતો. દારૂ સાથે દિપક શાહની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે. તો બીજી તરફ ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે બાતમી આધારે દહેગામ લીમ્બચ ફળીમાં રહેતી વિણા ઝાલાને ત્યાં દરોડો પાડી તેણીના ઘરેથી ૧૨ બિયરના ટીન જપ્ત કરી મહિલા બુટલેગર વિણા ઝાલાની ધરપકડ કરી લીધી છે.



### ફેકટરીમાં ખોટ જતા કેમીકલનો વેપારી બુટલેગર બન્યો...!

અડાલજ પોલિસ દ્વારા અદાણી શાંતિગ્રામમાં દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે દિપક શાહ નામના શખ્સની ધરપકડ કરી લીધી છે. દિપકની શરુ કરેલી પુછપરછમાં જાણવા મળ્યું છે કે દિપક શાહને મુંબઈમાં કેમીકલની ફેકટરી હતી ફેકટરીમાં ખોટ ગઈ અને દેવું થઈ ગયું હતું. પરિવારનું ગુજરાન ચલાવવા અને દેવું ભરપાઈ કરવા કેમીકલના વેપારી દિપક શાહે આ ધંધો શરુ કરી 'બુટલેગર' બન્યો હોવાનું જણાવી રહ્યો છે.





### હેત ફાઉન્ડેશનના માનસિક વિશિષ્ટ બાળકોએ થર્ટી ફર્સ્ટ ઉજવી

ગાંધીનગરમાં નાગરિકો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા નાતાલ તથા નવ વર્ષના પર્વની ઉજવણીના વિવિધ આયોજનો હાથ ધરાયા હતા. સેકટર-૭માં માનસિક વિશિષ્ટ બાળકોના વિકાસ માટે કાર્યરત હેત ફાઉન્ડેશન દ્વારા પણ તેમના બાળકો માટે સાન્ટા કલોઝથી માંડીને ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. હેત ફાઉન્ડેશનના માનસિક દિવ્યાંગ બાળકોને નાતાલની ઉજવણી કરાવવા સંસ્થાના એક બાળક શુભ પટેલે 'સાન્ટા કલોઝ'નો વેશ ધારણ કરી બાળકોને શુભેચ્છા ભેટ આપી આનંદિત કર્યા હતા. બાળકોને ચોકલેટ સાથે ભેટ પણ મળતા રોમાંચિત થઈ ઉઠયા હતા જે ભેટ સંસ્થાના મહિલા સ્વયંસેવક દ્વારા પુરી પાડવામાં આવી હતી. આ સાથે સેકટર-૨૧માં સ્વાદ કાફે ખાતે બાળકો માટે થર્ટી ફર્સ્ટની પાર્ટીનું આયોજન કરાયું હતું. જેમાં બાળકો ઉપરાંત સંસ્થાના શિક્ષકો અને વાલીઓ સહિત સ્વયંસેવકો પણ જોડાયા હતા. ડિનર સાથે ડાન્સ પાર્ટીનું આયોજન કરાતા બાળકો ગેલમાં આવી ગયા હતા અને મન મૂકીને પાર્ટીનો આનંદ ઉઠાવ્યો હતો. સમગ્ર આયોજનમા સંસ્થાના પ્રમુખ મીરાબેન ગઢવી બાળકોની સાથે રહ્યા હતા અને તેમની સંભાળ રાખવા સાથે બાળકોને મોજ કરાવી હતી.

# આજથી ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે વેટલેન્ડ વિકાસ સંદર્ભે સંમેલન

પૃથ્વી ઉપર જળપ્લાવિત ક્ષેત્રો સૌથી ફળદ્રુપ અને ઉત્પાદક પરિસરતંત્રો પૈકીનાં એક છે, પરંતુ આ જળપ્લાવિત ક્ષેત્રો એટલે કે વેટલેન્ડ વિસ્તારો શહેરીકરણ, ઔદ્યોગિકરણ અને કૃષિ વિકાસને કારણે ઝડપથી નાશ પામી રહ્યા છે.

આધુનિક જગતમાં, ઝડપી વિકાસની અસર હેઠળ જમીનના ઉપયોગમાં ઝડપી પરિવર્તનો થઈ રહ્યા છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થવામાં વાર લાગતી નથી. આવી પરિસ્થિતિને પહોંચી વળવા જળપ્લાવિત વિસ્તાર વિશે અસરકારક સંશોધન અને સંરક્ષણ માટે 'લેન્ડસ્કેપ ઈકોલોજી' વિભાવનાઓ અને તકનીકોના આધારે જળપ્લાવિત વિસ્તારની પરીસ્થિતિનો અભ્યાસ એ સંશોધન જગતમાં એક ઉભરતું ક્ષેત્ર છે. કોલેજો અને યુનિવર્સિટીઓમાં લેન્ડસ્કેપ ઈકોલોજી તથા જળપ્લાવિત ક્ષેત્રો વિશેના સંશોધનમાં તેના ઉપયોગ વિશે મર્યાદિત જ્ઞાન અપાય છે.

ગીર ફાઉન્ડેશન દ્વારા ૧ થી ૫ જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન જળપ્લાવિત ક્ષેત્રો વિશેનુ એક દિવસનું સંમેલન તથા જળપ્લાવિત ક્ષેત્રોના સંશોધનમાં લેન્ડસ્કેપ ઈકોલોજીની વિભાવનાઓ (કન્સેપ્ટસ) અને તકનીકો (ટેકનિક્સ) વિષય ઉપર ૪ દિવસીય કાર્યશાળાનું આયોજન કરીને આ દિશામાં પહેલ કરી છે. આ કાર્યક્રમનું ઉદઘાટન સવારે ૧૦:૩૦ કલાકે અગ્ર મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગ શ્રી અરવિંદ અગ્રવાલ વરદ હસ્તે કરવામાં આવશે. અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી વન્યજીવન અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન શ્રી જી.કે. સિન્હા હાજરી આપશે. પ્રથમ દિવસે, પ્રતિષ્ઠિત સંગઠનો / યુનિવર્સિટીઓ જેવી કે સેન્ટર ફોર ઈનલેન્ડ વોટર્સ ઈન સાઉથ એશિયા- જયપુર, વેટલેન્ડસ ઈન્ટરનેશનલ- નવી દિલ્હી, INTACH નવી દિલ્હી, તરૂણ ભારત સંઘ-અલવર, ચિલ્કા ડેવલોપમેન્ટ ઓથોરીટી, જ્યોર્જીયા યુનિવર્સિટી યુ.એસ.એ. વગેરેના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો દ્વારા જળપ્લાવિત વિસ્તારને સંલગ્ન વિવિધ વિષયો પર પ્રસ્તુતિઓ રજુ થશે.

# ચિલોડા પાસે કંપનીમાં અકસ્માતે એક મજુર ચગદાઈ ગયો, એક ઘાયલ

## બ્લોક બનાવતી કંપનીમાં ટ્રકમાં બે મજુરો રસ્સો બાંધી રહ્યા હતા ત્યારે ફોર લીફટ મશીનના ડ્રાઈવરે મશીન ફેરવી દીધું : એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે આવેલી બ્લોક બનાવતી કંપનીમાં ગઈ રાત્રે ફોર લીફટ મશીન અને ટ્રક વચ્ચે ચગદાઈ જવાથી એક મજુરનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ આ ઘટનામાં એક બીજા મજુરને ગંભીર ઈજાઓ પણ થવા પામી હોવાથી હોસ્પિટલમાં દાખલ છે. ચિલોડા પોલિસે મૃતક મજુરના ભાઈની ફરિયાદ આધારે ફોર લીફટ મશીનના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા નજીક આવેલી કંપનીમાં ગઈ કાલે રાત્રે પોણા દશ વાગ્યાના અરસામાં બે મજુરો બનેલા બ્લોક ટ્રકમાં ભરીને તે ટ્રકને ફરેત રસ્સો બાંધી રહ્યા હતા. ટ્રકની બાજુમાં ફોર લીફટ મશીન ચાલુ હતું. ફોર લીફટ મશીનના ચાલકે અચાનક મશીન રીવર્સ કરી દેતા મશીન અને ટ્રકની વચ્ચે રસ્સો બાંધી રહેલા બે મજુરો ફસાઈ ગયા હતા અને તે પૈકી એક મજુર ચગદાઈ ગયો હતો. મધ્યપ્રદેશના કોટડા વિસ્તારનો ૨૭ વર્ષીય મજુર સાદુભાઈ હીમાભાઈ દામાનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે ૫૫ વર્ષીય મજુર રફીકભાઈ અહેમદભાઈને ગંભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ચિલોડા પીએસઆઈ આર.ડી. ડામાએ મૃતકના ભાઈ મુકેશ ધામાની ફરિયાદ આધારે ફોર લીફટ મશીનના ડ્રાઈવર સામે આઈપીસી કલમ ૩૭૯, ૩૩૭, ૩૦૪ (અ) મુજબ ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.



# મેડીકલ કાઉન્સિલ બિલના વિરોધમાં ગાંધીનગર અને રાજ્યના આગેવાનોએ આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર મેડીકલ એસોસિએશન, ગુજરાત મેડીકલ એસોસિએશન અને ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના આગેવાનોએ આજે ગાંધીનગર ખાતે સંસદસભ્ય મધુસૂદન મિસ્ત્રીને મળી આવી રહેલા નવા મેડીકલ એકટના વિરોધમાં આવેદનપત્ર આપી તેમની સાથે વિસ્તૃત રજૂઆતો કરી હતી.

ડૉ. બીપીન પટેલ, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. અનિલ ચૌહાણ, ડૉ. કમલેશ શૈની, ડૉ. ભુપેન્દ્ર શાહની આગેવાની નીચે આ પ્રતિનિધિ મંડળ મેડીકલ કાઉન્સિલ બિલ જે લોકસભામાં રજુ થયું છે તેનો વિરોધ કરવા માટે સંસદસભ્ય મધુસૂદન મિસ્ત્રીને આગ્રહ કરી ૧૦ જેટલા મુદ્દાઓ અલગ-અલગ તારવીને આપ્યા છે. આગેવાનોના જણાવ્યા પ્રમાણે આ બિલ તબીબી જગત માટે ડિઝાસ્ટર સાબિત થશે તેમજ મેડીકલ કાઉન્સિલ કે મેડીકલ પ્રોફેશનલ વિશ્વાસમાં લીધા સિવાય સરકારે રજુ કર્યું છે. આગામી દિવસોમાં આ માટે ગાંધી ચિંધ્યા માર્ગે આગળ લડત ધપાવવાની ઘોષણા પણ આ આગેવાનોએ કરી હતી.



### મહાકાલ ગૃપની 'આગવી' ઉજવણી

શહેરના નાગરિકોમાં 'થર્ટી ફર્સ્ટ' ઉજવવાનો અદમ્ય ઉમંગ જોવા મળ્યો હતો. કોઈએ 'થર્ટી ફર્સ્ટ' ડીજે ડાન્સ પાર્ટીથી ઉજવી તો કોઈએ જરૂરિયાતમંદોને મદદરૂપ થઈને. ગાંધીનગરના મહાકાલ ગૃપના યુવાનોએ તેમની 'થર્ટી ફર્સ્ટ' પાર્ટી સેકટર-૧૬ની અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે ગોઠવી હતી. આ પાર્ટીમાં બાળકોને મનગમતું ભોજન કરાવાયું તથા આઈસ્કીમ ખવડાવી તેમનું મ્હોં મીઠું પણ કરાવાયું હતું.

# CMO અને બંગલે યજ્ઞ કે હવન થવું જોઈએ કે જેથી શાસનના પાંચ વર્ષ સુખરૂપ પસાર થાય

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વિતેલા ૨૦૧૭ના વર્ષમાં ભાજપ માટે ખરાબ ઘટના એ છે કે તેણે છેલ્લી છ ચૂંટણીઓમાં મેળવેલી બેઠકો સામે સૌથી ઓછી ૯૯ બેઠકો મેળવી એ છે. ભાજપના પ્રદેશ નેતાઓ માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તો ન તોડી શક્યા પરંતુ નરેન્દ્ર મોદીને પહેલીવાર મળેલી ૧૨૭ બેઠકોનો રેકોર્ડ પણ તોડી શક્યા નથી. વર્ષના અંતિમ દિવસોમાં થયેલી શપથવિધિ ભાજપ માટે ૨૦૧૮ની સાલ જોખમથી ભરેલી લઈને આવી છે. નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની ખાતા ફાળવણીમાં નારાજગી, કોંગ્રેસમાંથી આવેલા પણ મંત્રી નહીં બનેલા સી.કે.રાઉલજીનું મૌન, વડોદરાના રાજેન્દ્ર ત્રિવેદી અને યોગેશ પટેલની વિરોધી પ્રતિક્રિયા, કેબિનેટના સભ્યોમાં ખેંચતાણ સહિતના બનાવો વર્ષના અંતિમ દિવસોમાં બન્યા છે. ભાજપ માટે નવું વર્ષ આશાઓથી ભરેલું નહીં પણ શંકા-કુશંકાઓથી છલોછલ હોય તેવું લાગી રહ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીને સામા પ્રવાહે તરવાનું છે. જ્યોતિષીઓના મતે રૂપાણી માટે ઉત્તરાયણ પછીનો સમય કપરો બની રહે તે સંભવ છે. તેમના માટે પાર્ટી અને સરકારમાં આંતરિક ખેંચતાણ વધી શકે છે તેથી રૂપાણીએ તેમની ઓફિસમાં અને સત્તાવાર બંગલે યજ્ઞ કે હવન કરાવવા જોઈએ તેવી જ્યોતિષની સલાહ છે.

**ગૃહમાં સિનિયરો અને જૂનિયરો વચ્ચે જંગ થશે...**

૧૪મી ગુજરાત વિધાનસભામાં વિપક્ષના સ્થાને ફ્રન્ટ હરોળ બદલાઈ ચૂકી છે. પહેલી પાટલી પર હવે કોંગ્રેસના યુવા નેતાઓ બેઠા હશે જે સ્થાન પહેલાં સિનિયર નેતાઓ લેતાં હતા. પ્રદેશ કોંગ્રેસના ચાર નેતાઓ- શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ અને તુષાર ચૌધરી ચૂંટણી હારી જતાં વિધાનસભાને આ સિનિયરોની અછત મહેસૂસ કરવી પડશે પરંતુ સામે પરેશ ધનાની, જવાહર ચાવડા, લલીત વસોયા, વિક્રમ માડમ, સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, અમિત ચાવડા, ગેનીબેન ઠાકોર, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી જેવા યુવા નેતાઓ મળ્યા છે. સામી પાટલીએ વિજય રૂપાણી, સૌરભ પટેલ, નિતીન પટેલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા જેવા દિગ્ગજ નેતાઓ બેઠાં હશે. જો કે કોંગ્રેસના યુવા સભ્યોને મોહનસિંહ રાઠવા જેવા સિનિયર મોસ્ટ સભ્ય ગાઈડ કરી શકે છે. કોંગ્રેસ વધુ આક્રમક છે. આ વખતે ભાજપ પાસે સ્પીકરના ઉમેદવારની પણ મુશ્કેલી છે ત્યારે પરેશ ધાનાનીની લિડરશીપ સાથે યુવા કોંગ્રેસની ટીમ તૈયાર થઈ ગઈ છે.

**સરકારે અને ગૃહે મોહનસિંહનું સન્માન કરવું જોઇએ, કુલ ૧૦ ટર્મથી વિજેતા**

**સરકારમાં હવે એક નહીં બે નાના મંત્રી થયા...**

પહેલાં ગુજરાત સરકારમાં નિતીન પટેલ નાયબ મુખ્યમંત્રીની સાથે નાણામંત્રી હતા ત્યારે તેઓ નાનામંત્રી તરીકે પણ ઓળખાતા હતા. હવે પાર્ટીએ ફરીથી તેમને નાણાંમંત્રી બનાવ્યા છે. તેમની હાઈટ ઓછી હોવાથી તેમને નાના મંત્રી તરીકેનું બિરૂદ મળેલું છે. હવે રૂપાણીની કેબિનેટમાં બીજા નાના મંત્રી આવ્યા છે. હા, કૌશિક પટેલ પણ હાઈટમાં નાના હોવાથી તેમને પણ નાના મંત્રી કહેવામાં આવે છે. આ કેબિનેટમાં જૂનિયર હોમ મિનિસ્ટર તરીકે નિયુક્ત થયેલા પ્રદિપસિંહ જાડેજા એવા મંત્રી છે કે તેમની ઉંચાઈને કોઈ મંત્રી પહોંચી શકે તેંમ નથી, કારણ કે તેઓ સૌથી ઉંચા મંત્રી છે. કેબિનેટમાં ૧૯ ભાઈઓ વચ્ચે એક બહેન છે. આ તમામે એક બહેનને સંભાળવાના છે. ભાવનગરના વિભાવરી દવે મહિલા અને બાળકલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી છે. ગુજરાતની ૪૭ ટકા મહિલાઓની અપેક્ષાઓ તેઓ કેવી રીતે સંતોષી શકે છે તે તેમની કાર્યપદ્ધતિમાં જોવા મળશે.

**કોંગ્રેસના ટોપટેન ચહેરા- ભાજપને વિધાનસભામાં આંખે પાણી લાવી દેશે**

**મોહનસિંહ રાઠવાનું સન્માન થવું જોઇએ...**

કોંગ્રેસના સિનિયર નેતા મોહનસિંહ રાઠવા સતત ૧૦મી ટર્મથી વિધાનસભામાં ધારાસભ્ય તરીકે કામ કરી રહ્યાં છે. સેન્ટ્રલ ગુજરાતની છોટા ઉદેપુર બેઠક પરથી તેઓ ૨૦૧૭માં ૧૦મી વાર ચૂંટાઈ આવ્યા છે જે ૧૮૨ ધારાસભ્યોમાં એક રેકોર્ડ છે. તેમની આ બેઠક આદિવાસી વિસ્તારમાં આવે છે અને તેઓ પોતે આદિવાસી છે. મોહનસિંહ તેમના વતન બાર ગામમાં સરપંચ પદે પહેલીવાર ચૂંટાઈ આવ્યા હતા અને તેમણે રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ગોધરા કાંડ પછી આવેલી વિધાનસભાની ૨૦૦૨ની ચૂંટણીમાં એખ વખત જ તેઓ ચૂંટણી હારી ગયા હતા. કોઈપણ રાજકીય નેતા માટે આટલો મોટો સમયગાળો ખૂબ મોટો કહી શકાય તેમ છે તેથી તેમનું વિધાનસભામાં સન્માન થવું જોઈએ. કોંગ્રેસની સરકારમાં તેઓ કેબિનેટ મંત્રીનું સ્થાન પણ મેળવી ચૂક્યાં છે. તેઓ કહે છે કે બસ, હવે બહું થયું— કોંગ્રેસ પાર્ટીએ મને ખૂબ આપ્યું છે. ૨૦૨૨માં હું વિધાનસભાની ચૂંટણી લડવાનો નથી.

**બટુક મંત્રીઓ બે થયાં, કેબિનેટમાં ૧૯ ભાઇઓ વચ્ચે એકની એક બહેન છે**

**વધુ એક ઓફિસર દિલ્હી પોસ્ટીંગ માગે છે...**

ગુજરાતના બે સનદી અધિકારીઓનું દિલ્હી જવાનું તય છે ત્યારે વધુ એક ઓફિસર બી.બી. સ્વેન પણ દિલ્હી જવાની રાહમાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી સફળતા પૂર્વક નિભાવ્યા પછી ગુજરાતના ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર- સીઈઓ- સ્વેન તરફથી એક પ્રપોઝલ મૂકવામાં આવી છે. તેમણે ભારત સરકાર અને ગુજરાત સરકારને વિનંતી કરી છે કે તેમનું પોસ્ટીંગ દિલ્હીમાં કરવામાં આવે. સચિવાલયમાં ચાલતી ચર્ચાઓ મુજબ તેમનું પોસ્ટીંગ દિલ્હીમાં ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયામાં થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે એમ્પેનલ્ડ થયા પછી રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકીમ તેમજ ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ સુજીત ગુલાટી ડેપ્યુટેશન પર નવી દિલ્હી જઈ રહ્યાં છે.

**IAS એસોસિયેશનની ટ્રસ્ટ તરીકે નોંધણી...**

લ્યો હવે ગુજરાત આઈએએસ એસોસિયેશન રજીસ્ટર્ડ સંસ્થા બની ચૂકી છે. આ સંસ્થાને કાનૂની દરજ્જો મળી ગયો છે. એસોસિયેશનના હાલના પ્રમુખ અરવિંદ અગ્રવાલ અને હરીત શુક્લાએ આ સંસ્થાને ટ્રસ્ટ અને સોસાયટીનો દરજ્જો આપવાનું કામ પૂર્ણ કર્યું છે. હવે આ એસોસિયેશન તેના સભ્યો પાસેથી ફી ઉઘરાવી શકશે. ડોનેશન મેળવી શકશે. સભ્યો અને તેમના પરિવારની વેલ્ફેર પ્રવૃત્તિ પણ કરી શકશે. આ સંસ્થાનું નામ આઈએએસ એસોસિયેશન વેલ્ફેર ટ્રસ્ટ-સોસાયટી રાખવામાં આવ્યું છે. આ સંસ્થાને કાનૂની દરજ્જો મળતાં હવે તેને વધારે પાવર મળશે. આ ટ્રસ્ટની હવે સત્તાવાર ચૂંટણી પણ થઈ શકશે.

**કોંગ્રેસને રાજ્યસભાની બે બેઠકોનો ફાયદો...**

ગુજરાતની ચૂંટણીમાં ભાજપે ૩૩ પૈકી ૧૪ જિલ્લા ગુમાવી દીધા છે. ખાસ કરીને રાજ્યના શહેરી વિસ્તારમાં ભાજપના ઉમેદવારો હારી ગયા છે. કોંગ્રસને ૧૨૩માંથી ૭૧ બેઠકો મળી છે તેનો સીધો હિસાબ કરીએ તો લોકસભામાં કોંગ્રેસની હાલ ૧૦થી વધુ બેઠકો પર જીત જોવા મળે છે, જે સરવાળે મોદીને નુકશાન કરાવી શકે છે. આમ પણ ગુજરાતમાં કોંગ્રેસની ૮૦ બેઠકોથી રાજ્યસભાની બે બેઠકોનો પાર્ટી પ્રેસિડેન્ટ રાહુલ ગાંધીને ફાયદો થયો છે. આવતા વર્ષે નિવૃત્ત થતાં ભાજપના ચાર સભ્યો- અરૂણ જેટલી, પુરૂષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા અને શંકર વેગડ પૈકી બે સભ્યોએ બેઠક છોડવી પડશે, કારણ કે સંખ્યાબળના આધારે કોંગ્રેસને બે બેઠકોનો સીધો ફાયદો છે. ભાજપને જો ગુજરાતની લોકસભાની બેઠકો બચાવવી હોય તો રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના વધારે કામો કરવા પડશે. ખાસ કરીને ગ્રાય યુવાનોની બેરોજગારી અને ખેડૂતોના પ્રશ્નો ઉપર વધારે ધ્યાન આપવું પડશે.